# પ્રાંતિજ તાલુકાના સરપંચોના ભાવિ મતપેટીઓમાં સીલ

**બેલેટ પેપર દ્વારા ચુંટણી યોજાઈ હતી : ૨૪ ગ્રામ પંચાયતોની ચુંટણી યોજાઇ : તાલુકામા શાન્તિ પૂર્ણ માહોલમાં મતદાન યોજાયુ: મંગળવાર ૨૧ ડીસેમ્બરના રોજ મતગણતરી યોજાશે : પોગલુ સરપંચના ઉમેદવાર મહેન્દ્રભાઇ પટેલ પોતાનો મત ના આપી શક્યા**










પ્રાંતિજ તા.૧૯ સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકા ની ૨૪ ગામ પંચાયતો ની ચુંટણી યોજાઇ હતી જેમા મતદારો નો સવાર થીજ મતદાન કેન્દ્રો ઉપર ધસારો જોવા મલ્યો હતો અને બપોર સુધી મા ૬૧.૦૧ ટકા જેટલુ મતદાન યોજાયુ હતુ પ્રાંતિજ તાલુકામા ૨૭ ગામ પંચાયતોની ચુંટણી ને લઈ ને ઝાલા ની મુવાડી ગ્રામપંચાયત સમરસ થતા અને અનવરપુરા ગ્રામપંચાયત તથા કેશરપુરા ગ્રામપંચાયત બિનહરીફ થતા ૨૭ ગ્રામ પંચાયતો માથી ૨૪ ગામ પંચાયતો ની ચુંટણી યોજાઇ હતી જેમા પોગલુ, પોયડા, પીલુદ્રા , વજાપુર, સોનાસણ,ધડી, ફતેપુર , ધડકણ , બાકરપુર , મોયદ , કાલીપુરા , ઓરાણ સહિત ના ગામમો મા સરપંચ સભ્યો માટે ની ચુંટણી યોજાઇ હતી જેમા તંત્ર દ્વારા કુલ ૫૫ બુથો ઉભા કરવામા આવ્યા હતા જેમા ૨૪ ગ્રામપંચાયત ની ચુંટણી માટે ૯૪ સરપંચ ઉમેદવારો તથા ૧૬૮ સભ્યો ઉમેદવારો વચ્ચે ચુંટણી યોજાઈ હતી જેમા સવારથીજ વિવિધ ગામોમા મતદાન કેન્દ્રો ઉપર સવારથીજ મતદારો ની લાબીલાબી લાઈનો જોવા મળી હતી અને મતદારો દ્વારા પોતાના ભાવી સરપંચો નુ ભાવી મતદાન કરી મત પેટી મા સીલ કરવામા આવ્યુ હતુ તો આ વખતે મતદાન બેલેટ પેપર દ્વારા યોજાયુ હતુ તો પ્રાંતિજ પોલીસ દ્વારા પણ મતદાન કેન્દ્રો ઉપર ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામા આવ્યો હતો તો પ્રાંતિજ મામલતદાર અને હાલ ગ્રામપંચાયતો ની ચુંટણી અધિકારી એચ.પી ભગૌરા ની અધ્યક્ષ સ્થાને ચુંટણી શાન્તિ પૂર્ણ માહોલ મા યોજાઈ હતી તો પોગલુ ખાતે સરપંચ ના ઉમેદવાર મહેન્દ્ર ભાઈ પટેલ પેપર લીક મામલે પોલીસ કસ્ટડી મા હોય તેવો પોતાનો મત આપી શકાયા નહતા તો બપોર ના ૩ વાગ્યા સુધી ૬૧.૦૧ ટકા જેટલુ મતદાન યોજાયુ હતુ તો મતગણતરી મંગળવાર ને ૨૧ ડીસેમ્બર ના રોજ પ્રાંતિજ ખાતે આવેલ ચિત્રિણી નર્સિંગ કોલેજ ખાતે આઠ વાગ્યા થી મતગણતરી હાથ ધરવામા આવશે.

**પ્રાંતિજ તાલુકામાં કુલ ૨૭ ગ્રામપંચાયતોમાંથી ઝાલાની મુવાડી ગ્રામપંચાયત સમરસ થતા અને અનવરપુરા તથા કેશરપુરા ગ્રામપંચાયતો બીન હરીફ થતા ૨૪ ગ્રામપંચાયતોની ચુંટણી યોજાઇ**

**પ્રાંતિજ તાલુકાની ૨૪ ગ્રામપંચાયત પંચાયતોની ચુંટણી યોજાઇ**

**પોગલુ, પોયડા , પીલુદ્રા , વજાપુર, સોનાસણ , હડમતીયા, ધડી, આસરોડા, કાટવાડ, અમીનપુર, મોયદ નાથાજી, મોયદ રૂપાજી, મૌછા, કાલીપુરા, ઓરાણ, રાસલોડ, રૂપપુરા, ફતેપુરા, પલ્લાચર, ધડકણ, છાદરડા, નિકોડિયા, બાકરપુર,અમરાપુર**

**પોગલુ સરપંચના ઉમેદવાર મહેન્દ્ર ભાઇ પટેલ પેપર લીક મામલે પોલીસ કસ્ટડીમાં હોઇ પોતાનો મત આપી શકયા નહી**

## શાક માર્કેટના વેપારીના સ્વર્ગસ્થ પુત્રની યાદમાં શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ

**ડીસાના શ્રી વિ.જે.પટેલ શાકભાજી સબ માર્કેટયાર્ડ ખાતે પાણીની પરબ ખુલ્લી મુકાઇ**

ડીસા,તા. ૧૯ ડીસા શાક માર્કેટના અગ્રણી વેપારીના એકના એક સ્વર્ગસ્થ પુત્રની યાદમાં શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે તેમજ શાક માર્કેટમાં પાણીની પરબને પણ ખુલ્લી મુકવામાં આવી હતી.



શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસા સંચાલિત શ્રી વિ.જે.પટેલ શાકભાજી સબ માર્કેટયાર્ડના અગ્રણી વેપારી રૂપાજી ગીરધારજી પરમાર (માળી) ના એક ના એક પુત્ર ખેતુ રૂપાજી માળીનું હદય રોગના હુમલાથી નાની વયે અવસાન થયું હતું. જેથી પરીવાર પણ ભારે આઘાતમાં ગરકાવ થઈ ગયો હતો. વેપારી રૂપાજી માળી પરીવાર દ્વારા ડીસાના શાક માર્કેટ માં ઠંડા પાણીની પરબ બનાવવામાં આવી હતી. જેનું ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ, જૈન શ્રેષ્ઠી મહેશભાઈ ભણશાળી, વેપારી રૂપાજી પરમાર, સેક્રેટરી અમૃતભાઈ જોષી તેમજ શાક માર્કેટ વેપારી એસોસિએશન પ્રમુખ કમલેશભાઈ માળીની ઉપસ્થિતિમાં પાણીની પરબને ખુલ્લી મુકવામાં આવી હતી.

જયારે તા. ૨૦ ડીસેમ્બરને સોમવારથી તા. ૨૬ ડીસેમ્બર રવિવાર સુધી દરરોજ બપોરે ૦૨-૦૦ થી ૦૬-૦૦ કલાક સુધી શહેરના સાઈબાબા મંદિર ખાતે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ માં પરમ પૂજય આચાર્ય શ્રી સુરેશભાઈ કાંતિલાલ રાવલ (કલ્યાણપુરા-સાંતલપુર) રસપાન કરાવશે. જેનો પણ લાભ લેવા રૂપાજી ગીરધારજી માળી પરીવાર દ્વારા અનુરોધ કરાયો છે.

## રોટરી કલબ સુપ્રીમ રિતિકા બજાજે ડીસા રોટરી ડીવાઈનની મુલાકાત લીધી

ડીસા,તા. ૧૯ રોટરી ક્લબ ડીસા ડીવાઈનની ૧૭મી ડીસેમ્બરે રોટે. રિતિકા બજાજ (રોટરી ક્લબ સુપ્રીમ, અમદાવાદ અને વાઈસ ચેરમેન ફેલોશિપ ચેર ઓફ ગુજરાતના સભ્ય) મુલાકાત લીધી હતી અને ફેલોશિપ માટે તેમના વિચારો રજૂ કર્યા હતા.તેમની સાથે રોટે. મહેશભાઈ, રોટે. કલ્પનભાઈ, રોટે. જીગ્નેશભાઈ અને રોટે. એસ. કે. ભાઈ પણ હાજર રહ્યા હતાં. રોટરી ક્લબ ડીસા ડીવાઈન દ્વારા રોટે. રિતિકા બજાજનું પુષ્પગુચ્છ અને સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં પ્રમુખ રોટે. ડૉ. રીટાબેન પટેલ, મંત્રી રોટે.હિનલબેન અગ્રવાલ,રોટે. અલ્પાબેન શાહ, રોટે.અરૂણાબેન શર્મા, રોટે.વીણાબેન પંચાલ, રોટે.કાંતાબેન પટેલ, રોટે. ચેતનાબેન પટેલ,રોટે. પિંકીબેન દેસાઈ હાજર રહ્યા હતા.




## ગુજરાતીઓ માટે મીની કાશ્મીર ગણાતું રાજસ્તાનનુ માઉન્ટ આબુ ઠંડીમાં ઠુંઠવાયુ

પાલનપુર તા. ૧૯ ગુજરાતીઓ માટે મીની કાશ્મીર ગણાતું રાજસ્થાન નુ માઉન્ટઆબુ ઠીંડીમાં ઠુઠવાયુ માઉન્ટ આબુમાં હાલ ઠંડી નુ પ્રમાણ દીનપ્રતિદીન વધતું જ રહ્યું છે.



ગુજરાત અને તેમાં પણ અંબાજી ને અડીને આવેલા એકમાત્ર હિલ સ્ટેશન માઉન્ટઆબુ માં ડિસેમ્બર માસનમાં લગ્નની સિઝનપૂર્ણાહુતિ બાદ હવે માઉન્ટ આબુમાં ઠંડીના પ્રમાણમાં વધારો થઈ રહ્યો છે .

સૌપ્રથમ વખત બરફની ચાદરમાં લપેટાઈ હોય તેવું સ્થાનિક રહીશો અને પર્યટકો માની રહ્યા છે. અને અચાનક ઠંડીના પ્રમાણમાં વધારો જોવા મળ્યો હતો . ગુજરાતને અડીને આવેલા રાજસ્થાનના જાણીતા હિલ સ્ટેશન માઉન્ટ આબુ માં છેલ્લા એક સપ્તાહથી પડી રહેલી ઠંડી ને લઈને સર્વત્ર પથરાયેલી બરફની ચાદર અંગેના અહેવાલો આપતા અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ પાલનપુરના ગણપતભાઈ જોષીના અહેવાલ મુજબ પ્રતિવર્ષે ડિસેમ્બર અને જાન્યુઆરી માસમાં અહીં દેશભરમાંથી પર્યટકો કરીને ગુજરાતના પર્યટકો ઠંડીમાં બરફની ચાદર જોવા અને ઠંડીનો અહેસાસ કરવા માટે માઉન્ટ આબુ જતાં હોય છે ત્યારે છેલ્લા બે દિવસથી માઉન્ટ આબુ નો પારો શૂન્ય ડિગ્રીએ જોવા મળી રહ્યો છે .

## બડોદરા ગામે સિક્કા ન વાગતા હોવા અંગે હોબાળો થતા પોલીસ કાફલો ઘટનાસ્થળે

**લાઠીચાર્જ કર્યાનો ગ્રામજનોનો આક્ષેપ**





મોડાસા, તા. ૧૯ અરવલ્લી જીલ્લાની ૧૯૩ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં મતદાન મથકો પર ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે મતદાન મથકો પર ભારે કતારો લાગી છે ત્યારે મોડાસા તાલુકાના બડોદરા ગામે બેલેટ પેપર પર મત આપવા માટે સિક્કો પ્લાસ્ટિકનો હોવાથી છાપ બરાબર પડતી ન હોવાના આક્ષેપ સાથે મતદાન મથક પર મતદારોએ હોબાળો મચાવતા મામલો બિચકાતા પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને મતદાન મથક પરથી ટોળા દૂર કર્યા હતા ગ્રામજનોએ પોલીસે મતદારો પર લાઠીચાર્જ કર્યો હોવાનો આક્ષેપ કર્યો હતો તંગદિલી ભર્યો માહોલ સર્જાતા પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો અને મતદાન પ્રક્રિયા પૂર્વરત કરાઈ હતી.

મોડાસા તાલુકાના બડોદરા ગામની ગ્રામ પંચાયતની ચૂંટણીમાં પ્રાથમિક શાળાના બુથ.નં-૧ પર મતદાન માટે પ્લાસ્ટિકનો સિક્કો વાપરવામાં આવતા અને સિક્કાથી મતદાન કરતા એક બાજુન છાપ જ પડતી હોવાના આક્ષેપ સાથે હોબાળો મચાવતા મતદાન મથક પર લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા મતદાન પ્રક્રિયા અટકી જતા પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ટોળા વિખેરી નાખ્યા હતા ગ્રામજનોએ પોલીસ પર બળનો પ્રયોગ કર્યો હોવાનો આક્ષેપ કરી મતદારો પર લાઠીઓ વરસાવી હોવાનો આક્ષેપ કર્યો હતો.

બડોદરા ગામના ગ્રામજનોએ પ્રીસાઈન્ડીંગ ઓફિસરને લેખિત રજુઆત કરી જણાવ્યું હતું કે બુથ.નં-૧ પર સવારે ૭ વાગ્યા થી ૧૧ વાગ્યા સુધી થયેલ મતદાનમાં સિક્કો માત્ર એક બાજુ હોય અને મતદાનની પૂરતી છાપ પડતી ન હોવાથી મતપેટી બદલી નવી મતપેટી મુકવા અને જેના કારણે આ ગેરરીતિ થઈ છે તે જવાબદાર કર્મચારી સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે અને પુનઃ મતદાન કરવામાં આવેની માંગ કરી હતી.

## ડીસાના કચ્છી કોલોની વિસ્તારમાં પાણીના બોરના કેબલની ચોરી

**પાલિકા દ્વારા સમય સુચકતા દાખવી નવીન કેબલ નાખવામાં આવ્યો**





ડીસા,તા. ૧૯ ડીસાના કચ્છી કોલોની વિસ્તારમાં આવેલ પાણીના બોરનો કેબલ કોઈ અજાણ્યા તસ્કરો ચોરી ગયા હતા. જોકે પાલિકા દ્વારા સમયસૂચકતા વાપરી તાત્કાલિક ધોરણે નવો કેબલ નાખી બોર પુનઃ ચાલુ કરી દીધો હતો.

ડીસાના કચ્છી કોલોની વિસ્તારમાં પાલિકા દ્વારા પીવાના પાણીનો બોર કાર્યરત છે. જેના દ્વારા આસપાસની ૧૫ જેટલી સોસાયટીમાં પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે પણ શુક્રવારે રાત્રીના સુમારે કોઈ અજાણ્યા તસ્કરો બોરનો કેબલ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. વહેલી સવારે આ બાબતની જાણ પાલિકાના સદસ્ય વિજયભાઈ દવેને જાણ થતાં તેમણે આ બાબતે પાલિકા ચીફ ઓફિસર અને પ્રમુખને જાણ કરી હતી.જેથી પાલિકાના ઉત્સાહી પ્રમુખ રાજુભાઈ ઠક્કર અને ચીફ ઓફિસરે સમય સુચકતા વાપરી તાત્કાલિક ધોરણે કેબલ નાખી આ વિસ્તારમાં પીવાનું પાણી શરૂ કરાવી દીધું હતુ.પાલિકાના જાગૃત પ્રમુખની સરાહનીય કામગીરીની ચોમેરથી પ્રસંશા થવા પામી હતી.

**ફરીયાદની તજવીજ**

કેબલ ચોરી બાબતની સદસ્ય વિજયભાઈ દવેની રજુઆત બાદ આ મામલે નગર પાલિકાના ચીફ ઓફિસર દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

## ધનસુરા બાર એસોશિએશનના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરાઈ



ધનસુરા બાર એસોશિએશનના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરાઈ હતી જેમાં પ્રમુખ તરીકે ભીખાભાઈ.એન.પટેલ, ઉપપ્રમુખ તરીકે મેહુલકુમાર.એન.પટેલ,સેક્રેટરી તરીકે નયનકુમાર.કે.ભરવાડ જોઈન્ટ સેક્રેટરી તરીકે કિરીટકુમાર.જી.પટેલ,ખજાનચી તરીકે કરસનભાઈ.વી.ભરવાડ અને લાઈબ્રેરી સેક્રેટરી તરીકે સંજીવકુમાર.એમ.સોની ની વરણી કરાઈ હતી સૌ હોદ્દેદારો ની વરણી થતા સૌએ અભિનંદન પાઠવ્યા હતા.

## ચૂંટણીની કામગીરીમાં મૂકાયેલ મલેકપુર પ્રા.શાળાના આચાર્યનું નવા વેણપુર મતદાન મથકમાં હૃદયરોગના હુમલાથી મોત

મોડાસા, તા. ૧૯ ગુજરાતમાં ૮૬૬૪ ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાઈ છે જેમાં મતદાન મથકો પર શિક્ષકો મતદાનની પ્રક્રિયા સંભાળી રહ્યા છે અરવલ્લી જીલ્લાના મલેકપુર પ્રાથમીક શાળાના આચાર્ય દિનેશભાઈ પરમારને નવા વેણપુર ગામના મતદાન મથક પર મદદનીશ પ્રીસાઈન્ડીંગ ઓફિસર તરીકે ફરજ સોંપતા શનિવારે સ્થળ પર હાજર થઈ ગયા હતા ત્યારે રાત્રીના સમયે હૃદયરોગનો હુમલો આવતા આચાર્યને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે ખસેડે તે પહેલા પ્રાણપંખેરું ઉડી જતા ચૂંટણીમાં ફરજ પર મુકાયેલ અધિકારીઓ અને કર્મચારીઓમાં શોકની લાગણી છવાઈ હતી.



ચૂંટણી ફરજના ગણતરીના કલાકો પહેલા શિક્ષકનું મોત નિપજતા શામળાજી પોલીસ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી તંત્રએ મતદાન પ્રક્રિયા યથાવત રાખી હતી.

અરવલ્લી જીલ્લાની મલેકપુર પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા દિનેશભાઈ પરમારની નવા વેણપુર ગામના મતદાન મથક પર મદદનીશ પ્રીસાઈન્ડીંગ ઓફિસર તરીકે નિમણુંક થતા શનિવારે નવા વેણપુર મતદાન મથક પર ફરજ માટે હાજર થઈ ગયા હતા શનિવારે રાત્રીના સમયે હૃદયરોગનો હુમલો આવતા મતદાન મથકમાં જ શિક્ષકનું મોત થતા ભારે ચકચાર મચી હતી શિક્ષકનું હૃદયરોગ હુમલાથી મોત થતા શિક્ષણ આલમમાં ગમગીની છવાઈ હતી અધિકારીઓ અને પરિવારજનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા મૃતક આચાર્યના પરિવારજનોએ આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી શામળાજી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણી હોય કે પછી અન્ય ચૂંટણીઓમાં શિક્ષકો મહત્વની જવાબદારી નિભાવતા હોય છે. ચૂંટણીમાં શિક્ષકો અને સરકારી કર્મચારીઓની નિમણુંક કરવામાં આવતી હોય છે અને ચૂંટણીમાં ફરજ બજાવવા એક દિવસ પહેલા જ મતદાન મથકો પર મતદાનની કામગીરી માટે પહોંચી મતદાન માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવાતા હોય છે